અનુસુચિત જાતિના ધોરણ- ૧૧ અને ૧૨ માં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
સચિવાલય,ગાંધીનગર
ઠરાવ ક્રમાંક : એસ.સી.ડબ્લ્યુ/૧૦/૨૦૧૫/૫૭૩૨૭૨/ગ
તા.૨૫/૧૦/૨૦૧૬

<u>વંચાણે લીધા:-</u>

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:પીએમએસ /૧૦૨૦૦૦ /ન.બા – ૧૦/ગ તા. ૨૮/૦૩/૦૨

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક : પીએમએસ /૧૦૨૦૦૦ /ન.બા – ૧૨/ગ તા. ૨૮/૦૩/૦૨

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક : પીએમએસ /૧૦૨૦૦૦ /ન.બા – ૧૦/ગ તા. ૨૪/૦૨/૦૬

(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક :પીએમએસ /૧૦૨૦૦૦ /ન.બા – ૧૨/ગ તા. ૨૯/૧૦/૦૯

(૫) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ /૧૦/૨૦૧૩/૭૮૩૮૬૩/ગ તા. ૦૬/૦૮/૧૪

(૬) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક : પીએમએસ /૧૦૨૦૧૪/૬૪૭૪૦૮/ગ તા. ૧૯/૦૩/૨૦૧

(૭) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૧૬/૪૯૨૪૩૬/ગ

## <u>પ્રસ્તાવના</u>

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી લેવામા આવતી ધોરણ- ૧૦ની પરીક્ષામાં ઉંચી ટકાવારીથી પાસ થતાં અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓ ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવતાં હોય છે. ધોરણ -૧૧ તથા ધોરણ-૧૨ નો વિજ્ઞાન પ્રવાહનો અભ્યાસક્રમ ખુબ જ અઘરો હોવાના કારણે તેમજ ધોરણ-૧૧-૧૨ ની પરીક્ષાના પરિણામ ઉપર વિદ્યાર્થીની ભવિષ્યની કારકિર્દી નિર્ભર કરતી હોઇ અન્ય વર્ગના વિદ્યાર્થીઓ ખાનગી ટ્યુશનો રાખીને ઉંચી ટકાવારી મેળવીને ઇજનેરી કે તબીબી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવતા હોય છે પરંતુ ખાનગી ટ્યુશનોની ફી ખુબ ઉંચી હોવાથી અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓ તેમની નબળી આર્થિક સ્થિતિને કારણે વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવવાનુ ટાળે છે અથવા પ્રવેશ મેળવ્યાબાદ

ખાનગી ટ્યુશન ફી ભરી શકવા અશક્તિમાન હોવાને કારણે ધોરણ- ૧૧-૧૨ માં ઓછી ટકાવારીએ પાસ
થાય છે. જેથી ઇજનેરી અને તબીબી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી શકતા નથી.આ પરીસ્થિતિને ધ્યાને
અનુસુચિત જાતિના નબળી આર્થિક સ્થિતિ ધરાવતા વિદ્યાર્થીઓને ઉચ્ચ કારકિર્દીના ઘડતરમાં મદદરૂપ
થવાના હેતુસર આવા વિદ્યાર્થીઓને શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય યોજના બાબતે ઉક્ત વંચાણ
લીધેલ તમામ ઠરાવો સંકલિત કરી નીચે જણાવ્યા પ્રમાણેનો શરતોનુસાર ખાનગી ટ્યુશન માટેની સહાય
મંજુર કરવાનો આથી સંકલિત ઠરાવ બહાર પાડવામાં આવે છે.

## સંકલિત ઠરાવ

૧. આ યોજના હેઠળ ધોરણ-૧૦ ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ૭૦ ટકા (૦.૫૦ ટકાના પૂર્ણાંકના લાભ
**સાથે )** કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને ધોરણ ૧૧- ૧૨ માં વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવે તો
ધોરણ -૧૧ માં વાર્ષિક રૂ. ૧૫,૦૦૦ /- ની મર્યાદામાં ખરેખર ખર્ચ જેટલી સહાય અને ધોરણ-૧૨ માં
વાર્ષિક રૂ. ૧૫,૦૦૦/- એમ કુલ રૂ. ૩૦,૦૦૦/- મુજબ પ્રથમ ૨૫૦ વિદ્યાર્થીઓને ખર્ચ જેટલી સહાય
વર્ષમાં એકવાર ચુકવવાનુ નીચેની શરતોને આધીન ખાનગી ટ્યુશન માટે સહાય મંજુર કરવાનુ આથી
ઠરાવવામાં આવે છે.

૨. ધોરણ- ૧૧ માં નિષ્ફળતા મેળવનાર વિદ્યાર્થીઓને બીજી વખત આવી સહાય મળવાપાત્ર થશે નહી.

૩. આ યોજના હેઠળ વાર્ષિક આવક રૂ. ૧,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પુરા) ની
કૌટુંબિક આવક ધરાવતાં વિદ્યાર્થીઓને સહાય મળવાપાત્ર થશે.

૪. ખાનગી ટ્યુશન ક્લાસમાં અથવા ખાનગી શિક્ષક પાસે ટ્યુશન લીધા અંગેની પાકી પાવતી રજુ
કરવાની રહેશે.

૫. આં સહાય અન્ય મળવાપાત્ર શિષ્યવૃત્તિ ઉપરાંતની રહેશે.

૬. આ યોજનાનુ અમલીકરણ સંબધિત જિલ્લાના નાયબ નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ દ્વારા ધો
-૧૦ ના પરિણામ પ્રસિધ્ધ થયા પછી બહોળી પ્રસિધ્ધિ ધરાવતા દૈનિક પેપરમાં જાહેરાત આપી
અરજીઓ મેળવી નિયમોનુસાર સહાય ચુકવવાની રહેશે.

આ યોજનાની મંજુરી ઉક્ત શરતો ઉપરાંત નીચેની શરતોને આધીન આપવમાં આવે છે.

## શરતો :-

(૧) આ અંગેનો ખર્ચ જેતે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં
આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત
બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનુ ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો
અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતાં ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનુ પાલન કરવાનુ
રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ.બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોમ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં- ૯૫ - (આયોજન બહાર) અનુસુચિત જાતિ પેટા યોજના,મુખ્ય સદર- ૨૨૨૫- અનુસુચિત જાતિઓ,આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનુ કલ્યાણ,પેટા મુખ્ય સદર- ૦૧- અનુસુચિત જાતિઓનુ કલ્યાણ,ગૌણ સદર- ૨૭૭- શિક્ષણ ,પેટા સદર- (૩૧)-બીસીકે- ૭- ધો- ૧૧ અને ૧૨ ના વિજ્ઞાન પ્રવાહ ના વિદ્યાર્થીઓને શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય બજેટ હેડ હેઠળ કરેલ જોગવાઇમાં ખર્ચ કરવાનો રહેશે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સચિવાલય ,ગાંધીનગર
માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સચિવાલય ,ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
નિવાસી ઓડીટ અધિકારીશ્રી,ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય,ગાંધીનગર.
નિયામકશ્રી, અજાક, ગુ.રા. ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
સર્વે જિલ્લા નાયબ નિયામક (અનુસુચિત જાતિ ), (નિયામકશ્રી (અજાક) મારફત)
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત), (નિયામકશ્રી (અજાક) મારફત)
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી (અજાક) મારફત)
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
કમ્પ્યુટર સેલ-શાખા,વિભાગની વેબ સાઇટ પર મુકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.